# બ્લોગર

બ્લોગર એવી વ્યક્તિ છે જે ઑનલાઇન પત્રિકા અથવા વેબસાઇટ માટે નિયમિત રીતે લખે છે. બ્લોગર્સ વિચારોનું સર્જન કરે છે તેને રજૂ કરે છે, પોસ્ટ્સ સંપાદિત કરે છે અને તૈયાર કરે છે, તેમની પોસ્ટ્સની સામગ્રીને વાચકો સુધી પહોંચાડવા માટે તેનો પ્રચાર કરે છે અને સંશોધન કરે છે. બ્લોગરના ફોલઅર્સની સંખ્યા તેના બ્લોગ અથવા પેજની લોકપ્રિયતા દર્શાવે છે. લોકપ્રિય બ્લોગ જાહેરાતોને આકર્ષે છે જે બ્લોગર માટે આવકનો સ્રોત છે.



## વ્યક્તિગત નિપુણતા

- તમે વૈવિધ્યસભર અને અનન્ય રૂચિ ધરાવનાર વ્યક્તિ છો
- તમે ઉત્તમ સામગ્રી લેખન અને સંપાદનનું કૌશલ્ય ધરાવો છો
- તમે એટ.ટી.એમ.એલ. જેવી આઈ.ટી. સંબંધિત કૌશલ્યોથી પરિચિત છો
- તમે નેટવર્કિંગ અને માર્કેટિંગનો આનંદ માણો છો

ફી

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૬૦,૦૦૦ થી ૧,૯૨,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ** - **www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈ પણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. વિજ્ઞાપન / પત્રકારિત્વ / માર્કેટિંગ અથવા કોઈપણ સંબંધિત વિષયમાં સ્નાતકની ડિગ્રી / બેચલર ઑફ વોકેશન (બી.વોક.) પ્રાપ્ત કરો. **અથવા**

વિજ્ઞાપન/પત્રકારિત્વ/માર્કેટિંગ અથવા કોઈપણ સંબંધિત વિષયમાં સ્નાતકની ડિગ્રી/બેચલર ઑફ વોકેશન (બી.વોક.) કર્યા બાદ, માર્કેટિંગ મેનેજમેન્ટમાં બિઝનેસ એડમિનિસ્ટ્રેશનમાં એમ.બી.એ. કરો અથવા માર્કેટિંગ કમ્યુનિકેશનમાં અનુસ્નાતક (MA)ની ડિગ્રી મેળવો.

**અથવા**

વિજ્ઞાપન/પત્રકારિત્વ/માર્કેટિંગ અથવા કોઈપણ સંબંધિત વિષયમાં સ્નાતકની ડિગ્રી/બેચલર ઑફ વોકેશન (બી.વોક.) પૂર્ણ કરો, ત્યારબાદ આઈ.ટી.માં અથવા તમારી પસંદગીના વિષયમાં પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા/સર્ટિફિકેટ કોર્સ કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહીં આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

બ્લોગરનું અંદાજીત માસિક વેતન **રૂ. ૨૪,૦૮૩*** જેટલું હોય છે.

સ્રોત : https://www.payscale.com/research/IN/Skill=Blogging/Salary

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** વિજ્ઞાપન અને મીડિયા સંસ્થાઓ, મનોરંજન ઉદ્યોગ, કંપનીઓ, ઉદ્યોગો, વેબ આધારીત સંસ્થાઓ અથવા કંપની કે સંસ્થાઓ જે પોતાની ડિજિટલ હાજરી વધારવા માંગે છે.

**ઉદ્યોગ સાહસિકતા :** તમે તમારો પોતાનો વ્યક્તિગત બ્લોગ લખવાનું પસંદ કરી શકો છો

**કાર્યસ્થળનું વાતાવરણ :** તમે ઓફિસમાં કામ કરી શકો છો. કામકાજનો સમય સામાન્ય રીતે અઠવાડિયામાં ૪૦ કલાક જેટલો છે. કામના કલાકોમાં ફેરફાર થઇ શકે છે. જ્યારે કોઈ કાર્યયોજના ચાલુ હોય અથવા પૂર્ણ થવાના આરે હોય ત્યારે તમે ઘણીવાર ઓવરટાઈમ કામ કરવાનું બની શકે છો.

*આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

ઈન્ટર્ન → બ્લોગર → લેખક અને સંપાદક → ટેકનિકલ લેખક → વેબ ડેવલપર → વેબ કન્ટેન્ટ મેનેજર

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

બ્લોગર, વ્લોગર, સોશિયલ મીડિયા ઈન્ફ્લુઅન્સર

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ પત્રકારિત્વ/માસ મીડિયા વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. મિરાન્ડા હાઉસ, દિલ્હી
૨. એમ.એસ.યુ., વડોદરા
૩. કર્ણાટક સ્ટેટ ઓપન યુનિવર્સિટી, મૈસુર (પી.જી. ડિપ્લોમા, આઈ.ટી.)
૪. લોયોલા કોલેજ, ચેન્નાઈ
૫. લેડી શ્રી રામ કોલેજ ફોર વુમન, દિલ્હી
૬. દેવ. ભૂમિ ઉત્તરાખંડ યુનિવર્સિટી, દેહરાદૂન
૭. પી.એસ.જી.આર. કૃષ્ણમલ કોલેજ ફોર વુમન, કોઈમ્બતુર
૮. સેન્ટ ઝેવિયર્સ કોલેજ, અમદાવાદ

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. ભવન્સ કૉલેજ ઓફ કૉમ્યુનિકેશન એન્ડ મેનેજમેન્ટ, જામનગર
૨. એમિટી યુનિવર્સિટી, દિલ્હી
૩. સિમ્બાયોસિસ કોલેજ ઓફ આર્ટસ એન્ડ કોમર્સ, પુણે
૪. એસ.આર.એમ. યુનિવર્સિટી, અમરાવતી
૫. અન્ના યુનિવર્સિટી, કોઈમ્બતુર
૬. સેન્ટ એન્સ કોલેજ ફોર વુમન, હૈદરાબાદ
૭. એલ.જે.આઈ.એમ.સી., અમદાવાદ
૮. રાજગીરી કોલેજ ઓફ સોશિયલ સાયન્સ, કોચી

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- www.ncs.gov.in
- www.skillindiadigital.gov.in
- https://anubandham.gujarat.gov.in

* એન.પી.ટી.ઈ.એલ.-નેશનલ પ્રોગ્રામ ઈન ટેકનોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**ઉમા રઘુરામન** ફક્ત શેફ જ નહીં પરંતુ એક બ્લોગર પણ છે. ભોજન અને સ્વસ્થ આહાર માટેના તેમના જુસ્સાએ લગભગ બે દાયકા પહેલા, તેણીને માસ્ટરશેફ મોમ બ્લોગ શરૂ કરવા માટે પ્રેરિત કર્યા. તેમના બ્લોગ્સ અનેક તસ્વીરો, વાનગીઓ અને ટીપ્સ સાથે સ્વાદિષ્ટ વાનગીઓ બનાવવાની વિધીથી સમૃદ્ધ છે. તેણી ભારતના ટોચના ફૂડ બ્લોગર્સમાંના એક છે, અને તે ભારત અને વિદેશમાં ભારતીય હોમ કુકિંગ વર્કશોપ પણ આયોજીત કરે છે.*

સ્રોત : https://digest.myhq.in/top-food-bloggers-in-india/

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.